# પ્રધાનમંત્રીના આગમનને પગલે શહેરમાં ધમધમાટ



ગાંધીનગર તા ૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બે દિવસીય ગુજરાત મુલાકાતને અનુલક્ષી શહેરમાં પણ ધમધમાટ જોવા મળી રહયો છે. પ્રધાનમંત્રી આજે મોડાસાની મુલાકાત બાદ નગરના મહાત્મા મંદિર ખાતે ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ કોન્ફરન્સ તેમજ પ્રદર્શનનુ ઉદઘાટન કરશે. શહેરમાં પ્રધાનંત્રીના આગમનને અનુલક્ષી ચુસ્ત સુરક્ષા બન્દોબસ્ત જોવા મળી રહયો છે. પી એમ ને વેલકમ કરવા પણ સૌ ઉત્સુક છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. આજે રાજકોટમાં જાહેરસભા અને રોડ શો બાદ શુક્રવારે બપોરે ૨ કલાકે પ્રધાનમંત્રી મહાત્મા મંદિર ખાતે કાપડ ઉદ્યોગની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ટેક્ષટાઈલ ઈન્ડીયા - ૨૦૧૭ નુ ઉદઘાટન કરશે. આ કોન્ફરન્સમાં ૧૩૦ દેશમાંથી ૨ હજારથી વધુ પ્રતિનિધિઓ સહીત કુલ ૫ હજાર ડેલીગેટસ ભાગ લેશે. ટેક્ષટાઈલ જગતના સૌથી મોટા પ્રદર્શનમાં ટેક્ષટાઈલ ઉદ્યોગો સાથે સંકળાયેલા દેશના વિવિધ રાજયના પ્રતિનિધિઓ પણ ભાગ લેશે. ગ્લોબલ માર્કેટમાં દેશની ઈકોનોમીને બળવત્તર બનાવાના આશય સાથે યોજાનારા આ પ્રસંગે ફેશન શો પણ યોજાશે. પ્રધાનમંત્રી ગુજરાતની બે દિવસની મુલાકાત દરમિયાન રાજકોટ અમદાવાદ ,ગાંધીનગર તેમજ અરવલ્લી જિલ્લાના મોડાસા કાર્યક્રમને ધ્યાને લઈ સુરક્ષા વ્યવસ્થા માટે રાજયના પોલીસ અધિકારીઓ દ્વારા અગાઉ વિસ્તૃત ચર્ચા કરી આયોજન તેમજ સમીક્ષા પણ કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી આજે અમદાવાદથી બપોરે રાજકોટ પહોંચ્યા હતા. જયાં રેસકોર્સ મેદાન પર દિવ્યાંગોના કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યારબાદ આજી ડેમ જવા રવાના થયા હતા. જાહેરસભા અને ભવ્ય રોડ શો ના અંતે પરત અમદાવાદ આવ્યા હતા. જયારે રાત્રિના અમદાવાદથી રાજભવન પહોંચ્યા હતા. શુક્રવારે પ્રધાનમંત્રી અરવલ્લી જિલ્લાના મોડાસા ગામમાં પાણી પુરવઠા પ્રોજેક્ટનુ ઉદઘાટન કરશે. જયાંથી તેઓ પરત ફરી બપોરે ૨ વાગ્યે ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ કોન્ફરન્સને ખુલ્લી મુકશે. સે-૧૭ હેલીપેડ મેદાન ખાતે યોજાનારા ઐતિહાસિક ટેક્ષટાઈલ પ્રદર્શનનુ પણ ઉદઘાટન કરશે. જયારે સાંજના સમયે અમદાવાદ મણિનગરમાં ટ્રાન્સસ્ટેડીયા સ્ટેડીયમ ખાતે યુવાનોને મળી માર્ગદર્શન પુરુ પાડશે. પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાતને અનુલક્ષી રાજયમાં પોલીસ તંત્ર એલર્ટ મોડમાં છે. જયારે પી એમની મુલાકાતને ધ્યાને લઈ સુરક્ષા વ્યવસ્થા પણ લોખંડી કરી દેવાઈ છે. રાજયના પાટનગરમાં પણ પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર ખડેપગે છે. છેલ્લા એક મહીનાથી પ્રધાનમંત્રીના આગમનને ધ્યાને લઈ જરૂરી તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી. શહેરમાં પ્રધાનમંત્રીના રૂટમાં સફાઈ વ્યવસ્થા ઉપરાંત સલામતીના મામલે વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૯ પર

## શહેર પોલીસ છાવણીમાં ફેરવાયુ

રાજ્યનાં પાટનગરમાં એક્ઝીબીશન સેન્ટર સેક્ટર-૧૭ ખાતે યોજાનાર ટેક્ષટાઈલ્સ ઈન્ડીયા-૨૦૧૭ના ઉદ્દ્ઘાટન સમારંભમાં દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખાસ ઉપસ્થિતીને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જાળવવા પાટનગરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે. અલગ-અલગ જીલ્લાઓમાંથી ત્રણ હજાર જેટલી પોલીસને શહેરમાં ખડકી દેવામાં આવી છે. સાત કંપની એસ.આર.પી પણ શહેરમાં તૈનાત કરી દેવામાં આવી છે. શહેરનાં પ્રવેશદ્વારો પર સઘન વાહનચેકીંગ હાથ ધરાઈ રહ્યુ છે. તે ઉપરાંત એસ.ઓ.જી ની ટીમ દ્વારા હોટેલ- ગેસ્ટ હાઉસોમાં ચેકિંગ શરુ કરી દેવાયુ છે. બે દિવસ માટે ૩ હજાર પોલીસ પાટનગરમાં બંદોબસ્ત માટે સ્ટેન્ડ ટુ રહેશે.

# સે. ૨૨માં ૧૫૦ કરોડના ખર્ચે સીટી સ્કવેર આકાર લેશે

ગાંધીનગર, તા. ૨૯

સ્માર્ટ સીટી અંતર્ગત ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માં સીટી સ્કવેરનો પ્રોજેક્ટ અંદાજે રૂ. ૧૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.

ત્રીજા રાઉન્ડમાં સ્માર્ટ સીટી પ્રોજેકટસ માટે પસંદ થયેલા ગાંધીનગર માટે આ પ્રોજેક્ટ એ સૌથી વધુ મહત્વાકાંક્ષી પ્રોજેકટ છે. ન્યુયોર્કમાં આવેલ ટાઈમ્સ સ્કવેર જેવો જ આ સીટી સ્ક્વેર બનાવવાનુ સ્વપ્ન છે.

આ માટેની ડિઝાઈન અને નકશાનુ કામ વ્હીકલપૂલ જે એજન્સી નિયત કરશે તે બનાવશે. હાલ જે કંઈ કલ્પનાઓ કરવામાં આવી છે તેમાં એન્ટરટેઈનમેન્ટ ઝોન, ફૂડકોર્ટસ, પબ્લીક મીટીંગ સિસ્ટમની ખાસ વ્યવસ્થા તેમજ મોટા-મોટા કોન્ફરન્સ હોલ બનાવવાની વિચારણા છે.

મળતી વિગતો મુજબ આ સીટી સ્કવેર માટે રંગમંચની પાછળના ભાગમાં ખુલ્લી પડેલી જમીન પર પસંદગી ઉતારવામાં આવેલ છે. કોર્પોરેશન દ્વારા આ જમીન મેળવવા માટે હવે આગામી માસમાં અલાયદી દરખાસ્ત સરકારમાં કરવામાં આવશે.

સીટી સ્કવેર પ્રોજેક્ટસ સ્માર્ટ સીટી અંતર્ગત દરખાસ્ત કરનાર ગાંધીનગર એક માત્ર શહેર છે. આ પ્રોજેક્ટની પરિકલ્પના કરાયા પછી તંત્રએ તેનો સ્માર્ટસીટીની દરખાસ્તમાં સમાવેશ કર્યો હતો.

સેક્ટર-૨૧માં જગ્યાની ઉપલબ્ધિ નથી તેમજ અહિ જગ્યા ઉપલબ્ધ છે તેમજ સેક્ટર-૨૨માં જે રીતે વાણિજ્ય વિસ્તાર વિકાસ પામેલ છે તેને નજરમાં રાખી પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત પંચદેવ મંદિર પણ નજીકમાં હોવાથી તમામ સુવિધા લોકોને ઉપલબ્ધ બની રહે તેવો આશય રાખવામાં આવેલ છે.

## ગાંધીજીના ૧.૩૫ લાખ પત્ર પણ આર્કાઈવ્સમાં સચવાશે

અમદાવાદ, તા. ૨૯

દેશની બહુમૂલ્ય અને અત્યાધુનિક આર્કાઈવ્સ શહેરના વિશ્વ પ્રસિધ્ધ સાબરમતી ગાંધી આશ્રમ ખાતે નિર્માણ થઈ રહી છે, જયાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના હાથે લખાયેલા અને અમૂલ્ય ધરોહર સમાન એવા એક લાખ, ૩૫હજાર પત્રોની જાળવણી કરવામાં આવશે. આ આર્કાઈવ્સ ભૂકંપ પ્રુફ બનાવાઈ છે, જેમાં તાપમાન અને ભેજનુંપ્રમાણ પણ નિયંત્રિત રખાશે. ગાંધી આશ્રમ ખાતેની આ આર્કાઈવ્સમાં ગાંધી બાપુનું નંદલાલ બોઝે તૈયાર કરેલું પૂરા કદનું કટઆઉટ પણ મૂકવામાં આવ્યું છે.

# શહેરમાં માહોલ ખરો પણ વરસાદ નજીવો



ગાંધીનગર, તા. ૨૯

ચોમાસાનો પ્રારંભ સારા સંકેતો આપી રહ્યો છે. ગાંધીનગરમાં ભલે હજુ ધોધમાર વરસાદ ન વરસ્યો હોય પરંતુ વરસાદી માહોલ યથાવત રહેતા આહલાદક વાતાવરણ છવાયુ છે.

સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ઘણા ભાગોમાં મધ્યમથી ભારે વરસાદ વરસી રહ્યો છે. ગાંધીનગરમાં પણ છેલ્લા ચાર દિવસથી વરસાદી વાતાવરણ છવાયેલુ છે. જોકે હજુ ગાંધીનગરાઓ ધોધમાર વરસાદની રાહ જોઈ રહ્યા છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયેલા છે. ક્યારેક એવુ લાગે છે કે હમણાં વરસાદ તુટી પડશે. જોકે ધોધમાર વરસાદ નહી વરસતા વસાહતીઓનો ઈન્તેજાર લંબાયો છે.

છેલ્લા ચાર દિવસથી વાદળોની સતત અવરજવર વચ્ચે નાના-મોટા ઝાંપટા પડી રહ્યા છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. ક્યારેક-ક્યારેક વરસી જતાં વાદળો વચ્ચે શહેરમાં આહલાદક વાતાવરણ છવાયુ છે. વાવણીલાયક વરસાદથી ખેડૂતોમાં આનંદ છવાયો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં ૬ મી.મી. જેટલો વરસાદ નોંધાતા ગરમીથી છુટકારો મળ્યો છે.

## આજે કોંગ્રેસ 'કાળરાત્રિ'ની ઉજવણી કરી જીએસટીનો વિરોધ કરશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેર કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસ સમિતિ જીએસટીનો અમલ કરવાના નિર્ણયને કાળરાત્રિ તરીકે ઉજવી તેનો વિરોધ કરશે તેમ શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ તેમજ જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે.

આ બન્ને અગ્રણીઓએ એક નિવેદનમાં જણાવ્યુ છે કે સાંજે ૭.૩૦ વાગે સે. ૨૧માં કેન્ડલ માર્ચ યોજવા ઉપરાંત સામૂહિક ઘંટનાદ કરી અને જીએસટીના બિલનો ઉગ્ર વિરોધ કરાશે. તેમણે જણાવ્યુ કે નાના મોટા ધંધા-રોજગારને ખત્મ કરવા માટે આ કાયદાનો અમલ કરવા સરકાર ઉતાવળી બની હોઈ સરકારના બહેરા કાન ખોલવા માટે સામૂહિક ઘંટનાદનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે. રોજગારી નિર્માણની વાત કરી યુવાનો સાથે કરાયેલી છેતરામણીને ઢાંકવા અને રોજગારી છીનવવાના આ પ્રયાસનો ઉગ્રતા સાથે વિરોધ કરવામાં આવશે. આના અમલથી સામાન્ય માનવી પર પણ વેરાનો કોરડો વિંઝવામાં આવી રહ્યો છે.


A large segment of India's rural and semi-urban population is currently unserved and underserved by formal financial institutions.[1]

India is home to 21% of the world's unbanked adults.[#]



THE BETTER YOU START
THE FARTHER YOU GO

We are a technology-driven small finance bank ("SFB")** that has recently transitioned from a prominent, retail focused non-banking finance company ("NBFC"), which primarily served low and middle-income individuals and businesses that have limited or no access to formal banking and finance channels.

- 269 branches, 121 asset centers, one central processing center and 10 offices. Spread across 10 states and one union territory*
- Over 20 years of operating experience in rural and semi-urban markets
- Employed 8,515 employees (including contract personnel)^
- 280,349 active loan accounts.^
- 98.99% of our total receivables under financing activity were secured^
- Long Term Credit Rating: India Rating - A+ (Positive) and CRISIL, ICRA, CARE - A+ (Stable)

AU SMALL FINANCE BANK
चलो आगे बढ़ें

[1]Source: CRISIL Ratings report titled "NBFC Report 2016" published in April 2016 along with subsequent impact notes published by CRISIL Ratings post the demonetization policy introduced by the Government and "CRISIL Inclusix Report June 2015". #According to the Global Findex Database 2017. *As of May 31, 2017. ^As of March 31, 2017.

**A licence authorizing the bank to carry on small finance bank business has been obtained from the Reserve Bank of India in terms of Section 22 of the Banking Regulation Act, 1949. It must be distinctly understood, however, that in issuing the licence, the Reserve Bank of India does not undertake any responsibility for the financial soundness of the bank or for the correctness of any of the statements made or opinion expressed in this connection.

AU Small Finance Bank Limited (formerly Au Financiers (India) Limited) is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Red Herring Prospectus dated June 14, 2017 and as supplemented by the "Statutory advertisement (including corrigendum – Notice to Investors)" dated June 16, 2017 and published on June 19, 2017 in all editions of Financial Chronicle and Rastriya Sahara (collectively referred to as the "RHP") with the Registrar of Companies, Rajasthan at Jaipur. The RHP is available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com, www.nseindia.com, respectively, the BRLMs at www.icicisecurities.com, www.hdfcbank.com, www.motilaloswalgroup.com, http://www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, refer to the section titled "*Risk Factors*" on page 19 of the RHP. Potential investors should not rely on the DRHP filed with the SEBI for making any investment decision.

This public announcement is for informational purposes only and is not an offer to buy any securities and does not constitute an offer to sell securities in any jurisdiction or in any circumstances in which such offer is unlawful. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "Securities Act"), or any state securities laws in the United States and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws in the United States. Accordingly, the Equity Shares are only being offered and sold (i) in the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act) in transactions exempt from, or not subject to, the registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 463








I am a GITian
I Innovate, I Excel, I Succeed.

B.E. I M.E. I MBA



- Excellent Placement
- Proficient Faculty
- Advanced Infrastructure

PROGRAMS OFFERED

Bachelor of Engineering (B.E.)
- Mechanical Engineering
- Computer Engineering
- Information Technology
- Civil Engineering
- Electrical Engineering
- Electronics & Communication Engineering

Post Graduation Courses (M.E. / MBA)
- Mechanical Engineering
  - Thermal Engineering
  - CAD / CAM
- Computer Engineering
  - Software Engineering
- Master of Business Administration (MBA)
  - Marketing, Finance, Human Resource, IS

GANDHINAGAR INSTITUTE OF TECHNOLOGY
(Approved by AICTE and Affiliated to GTU)
Khatraj-Kalol Road, Moti Bhoyan, Ta. Kalol, Dist. Gandhinagar - 382721.
9904405900, 9904405901
director@git.org.in
www.git.org.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com